**:: બગવદર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૩૨૫૦૧૯૧/૨૦૨૫ ના કામે મુદામાલ અરજી લગત હુકમ ::**

૧. હાલની અરજી અરજદાર/આરોપી હાજા વરસાભાઈ ખુંટી દ્વારા બગવદર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૩૨૫૦૧૯૧/૨૦૨૫ ના કામેના ગુના અન્વયે કબજે કરવામાં આવેલ અરજદારની માલીકીની (૧) સોનાનો આઠડા ડિઝાઇનનો ચેઇન–૦૧ જેનું વજન ૪૦–૨૨૭ ગ્રામનો ૨૦ કેરેટનો છે તે (૨) સોનાની ઢારની જેન્ટસ વિંટી–૦૧ જેનું વજન ૫.૧૬૦ ગ્રામની છે જે ૨૨ કેરેટની છે તે, (૩) સોનાની કાસ્ટીંગની લેડીઝ વિંટી–૦૧ જેનું વજન ૨.૦૫૦ ગ્રામની છે તે ૨૨ કેરેટની છે તે, (૪) સોનાની ટીલી લેડીઝ વિંટી–૦૧ જેનું વજન ૨.૩૬૦ ગ્રામની છે જે ૨૨ કેરેટની છે તે, (૫) સોનાની લેડીઝ વિંટી–૦૧ જેનું વજન ૧.૫૬૦ ગ્રામની છે જે ૨૦ કેરેટની છે તે, (૬) સોનાનું પેન્ડલ નંગ–૦૧ જેનું વજન ૧૮.૫૦૦ ગ્રામનું છે જે ૨૨ કેરેટનું છે તે સોનાના દાગીના પરત મેળવવા માટે હાલની અરજ ગુજારેલ છે.

૨. અરજદારે અરજીમાં રજૂઆત કરેલી છે કે, સદરહુ સોનાના દાગીના અરજદારની માલીકીની છે. તેઓના રોજ બરોજના વપરાશની વસ્તુ છે જેના વગર તેઓને ખુબ જ અગવડ પડે છે. વધુમાં તેઓ જણાવે છે કે, સદરહુ સોનાના દાગીના લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેની ડિઝાઇનમાં નુકસાન જાય તેમ હોય તેમજ સોનાના દાગીનામાં ઘટ લાગવાનો સંભવ છે. જેથી સદરહુ સોનાના દાગીના યોગ્ય શરતોને આધીન તેઓને પરત સોપવા અરજ કરેલ છે.

૩. અરજીના અનુસંધાને ત.ક. અમલદારશ્રીએ પોતાનો અભીપ્રાય આપી જણાવેલ છે કે, અરજદાર/ફરીયાદીએ સદરહું ગુનામાં ચોરીમાં ગયેલ સોનાના દાગીના રાણાવાવ પોલીસ સ્ટેશન ખાતે પંચો રૂબરૂ ઓળખી બતાવેલ હોય અને સદરહું સોનાના દાગીના અરજદાર/ફરીયાદીના ચોરીમાં ગયેલા દાગીના પૈકી હોય જેથી અરજદાર/ફરીયાદીને વચગાળાની કસ્ટડી યોગ્ય શરતોને આધીન સોંપવા અભિપ્રાય આપેલ છે.સદર અભીપ્રાય સાથે ત.ક. અમલદારશ્રીએ ઉપરોક્ત પંચનામુ તથા મુદામાલ પાવતીની નકલ રજુ કરેલ છે.

૪. હાલના કામે અરજદારે સોનાના દાગીના પોતાની માલીકીનો છે તે દર્શાવવા માટે અરજદાર દ્વારા સોનાના દાગીનાના બીલ શરત ચુકથી તેઓના ઘરમાંથી ખોવાઇ ગયેલ હોવા સંબંધેનું સોગંદનામું તેમજ પોતાના આધાર કાર્ડની નકલ રજુ કરેલ છે. તેમજ આરોપીઓએ મુદામાલ અરજદાર/ફરીયાદીને સોંપવામાં આવે તો વાંધો ન હોવાનું આંક–૦૬ ની પુરસીસ થી જાહેર કરેલ છે.તેમજ આ કામે તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા મુદ્દામાલ દાગીના દસ વર્ષ જુના હોવા સંબધેનો પણ અભીપ્રાય આપવામાં આવેલ છે.

પ. હાલની મુદામાલ અરજી,ત. ક. અમલદારનો અભીપ્રાય, પંચનામુ, મુદામાલ પાવતી તેમજ અરજદાર તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા તથા આરોપીઓ તર્ફે મુદ્દામાલ દાગીના અરજદારને પરત સોંપી આપવામાં આવે તો વાંધો ન હોવાનુ જણાવેલ છે. તેમજ હાલના કામે અરજદાર સિવાય અન્ય કોઇ વ્યક્તિ દ્વારા મુદ્દામાલની માંગણી કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં આ કામે તપાસકરનાર અમલદારશ્રી દ્વારા મુદ્દામાલ દાગીના અરજદારને સોંપી આપવા અભિપ્રાય આપવામાં આવેલ છે. જે તમામ હકીકત ધ્યાને લેતા તથા નામદાર સર્વોચ્ચ અદાલતનો ૨૦૦૩, ૮૧૯ જી. એલ. એચ. પાન નં. ૩૦૭ સુપ્રીમ કોર્ટ. સુન્દરભાઈ અંબાલાલ દેસાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો અને માર્ગદર્શનને ધ્યાને રાખતા તેમજ સદરહુ કામે ત.ક.અમલદારને મુદ્દમાલની તપાસના કામે જરૂરીયાત જણાઈ પણ આવતી ન હોય મુદ્દામાલ દાગીના લાંબો સમય પોલીસ સ્ટેશનમાં રાખી મુકવો ન્યાયી જણાઇ આવતુ નથી. આ તમામ સંજોગો જોતા બગવદર પોલીસ સ્ટેશન દ્વારા હાલના કામ કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દાગીનાની વચગાળાની કસ્ટડી યોગ્ય શરતોને આધીન અને જામીન લઇ અરજદારને સોંપવુ ન્યાયી જણાઈ આવતું હોય તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના અરજદારની મુદામાલ પરત મેળવાવાની અરજી મંજુર કરવામાં આવે છે.

આ કામના અરજદારને મુદામાલ પાવતીમા દર્શાવેલ મુદામાલ (૧) સોનાનો આઠડા ડિઝાઇનનો ચેઇન–૦૧ જેનું વજન ૪૦–૨૨૭ ગ્રામનો ૨૦ કેરેટનો છે તે (૨) સોનાની ઢારની જેન્ટસ વિંટી–૦૧ જેનું વજન ૫.૧૬૦ ગ્રામની છે જે ૨૨ કેરેટની છે તે, (૩) સોનાની કાસ્ટીંગની લેડીઝ વિંટી–૦૧ જેનું વજન ૨.૦૫૦ ગ્રામની છે તે ૨૨ કેરેટની છે તે, (૪) સોનાની ટીલી લેડીઝ વિંટી–૦૧ જેનું વજન ૨.૩૬૦ ગ્રામની છે જે ૨૨ કેરેટની છે તે, (૫) સોનાની લેડીઝ વિંટી–૦૧ જેનું વજન ૧.૫૬૦ ગ્રામની છે જે ૨૦ કેરેટની છે તે, (૬) સોનાનું પેન્ડલ નંગ–૦૧ જેનું વજન ૧૮.૫૦૦ ગ્રામનું છે જે ૨૨ કેરેટનું છે ની કિંમત કરતા દોઢી રકમ ના જાત–મુચરકા અને તેટલી જ રકમના યોગ્ય જામીન અત્રે રજુ કર્યેથી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડીમાં પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શરતો :–**

**૦૧**. આ કામના અરજદારે મુદામાલનો આ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી કોર્ટની પૂર્વ પરવાનગી વગર અન્ય કોઈને ગિરો, વેચાણ, બક્ષીસ કે અન્ય કોઇ રીતે તબદીલ કરવું નહી.

**૦૨.** આ કામના અરજદારે મુદામાલને જ્યારે અને જ્યાં અદાલત કે સંબંધિત પોલીસ સ્ટેશન દ્વારા મંગાવવામાં આવે ત્યારે અચુક રજૂ કરવા.

**૦3.** આ કામના અરજદારે મુદામાલના રૂપ, રંગ, કદ,વજન કે અન્ય કોઈ રીતે તેના દેખાવમાં ફેરફાર કરવો નહી.

**૦૪.**આ કામના અરજદારે પોતાનુ હાલનુ અને કાયમી સરનામુ સોંગદનામાથી જાહેર કરવુ.

**૦૫.** આ કામના ત.ક. અમલદારશ્રીએ સદર મુદામાલના ફોટોગ્રાફ્સ પડાવીને અત્રે મુદ્દામાલ સોંપી આપ્યા સંબધે રીપોર્ટ કરવો.

આ હુકમ આજરોજ તારીખ ૧૩ એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા :૧૩/૦૪/૨૦૨૬**
**સ્થળ : પોરબંદર**

**કોમલ કુનાલ રાઠોડ**
**બીજા એડી. ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ**
**પોરબંદર**
**GJ-01130**